# ૫ ખીણમાં તારા : સાપુતારા

## ચાલો, ગાઈએ ગીતડું :

રંગીલાં રંગીલાં રંગીલાં પતંગિયાં,
હા હા હા... હો હો હો... હા હા હા પતંગિયાં.
બાળકો બાગમાં રમવાને આવતાં,
દોડાવી દોડાવી થકવી એ નાખતાં,
મન મારું મોહી લેતાં રે પતંગિયાં.
રંગીલાં રંગીલાં...


ફૂલડે ફૂલડે આમતેમ દોડતાં,
આકાશે ઊડતાં ને હાથમાં ન આવતાં,
મન મારું મોહી લેતાં રે પતંગિયાં.
રંગીલાં રંગીલાં...



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ ચિત્ર જુઓ. તમને શું-શું દેખાય છે, તે બધાંને કહો :

એક પછી એક બધા વિદ્યાર્થીઓ પાસે ચિત્ર વિષયક એક-એક વાક્ય બોલાવવું.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ તમે જંગલ/વાડી વિસ્તારમાં ફરવા ગયા છો? ત્યાં શું શું જોયું હતું? કહો :

⬡ ભુલભુલામણી :

તક્ષકને તેના દર સુધી પહોંચાડો.



⬡ તક્ષકને દર સુધી જવામાં કઈ કઈ જગ્યા આવી?

________ , ________ , ________ , ________

⬡ તમારા મિત્રની ચોપડી જુઓ. તેણે તક્ષક માટે કયો રસ્તો શોધ્યો? તમારા રસ્તા સરખા છે કે જુદા?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાંચો :

# સાપુતારાનો પ્રવાસ




અમે શાળામાંથી સાપુતારાનો પ્રવાસ ગોઠવ્યો. સુરતથી બસમાં અમે વહેલા નીકળી પડ્યા. વઘઈ આવ્યું ને સૂર્યોદય થયો. અમે ડાંગ જિલ્લામાં દાખલ થઈ ચૂક્યાં હતાં. ડાંગમાં ડુંગરોની હાર છે ને મોટો ભાગ જંગલોથી છવાયેલો છે. એ જંગલોમાં વાઘ, દીપડા ને હરણ વગેરે વસે છે. અહીંના એક ડુંગર ઉપર હવા ખાવાનું સ્થળ સાપુતારા આવેલું છે. અમારે ત્યાં જવાનું હતું.

અમે વઘઈ ઊતર્યાં. ગામમાં બીજા પ્રવાસીઓ પણ જોવા મળ્યા. ડાંગમાં રહેતા લોકો 'ડાંગી' નામે ઓળખાય છે. વાંસના ટોપલા, ટોપલી ને પંખા લઈ ડાંગીઓ અમને વીંટળાઈ વળ્યા. એમાંના એક જણ પાસે વાંસનાં હરણ, મોર ને કબૂતર જેવાં રમકડાં હતાં. વાંસનાં રમકડાંની તો પરદેશમાં પણ માગ છે.

ડાંગનાં જંગલોમાં વાંસ સિવાય ઊંચી જાતના સાગનાં ઝાડ પણ ખૂબ થાય છે. સાગ ઈમારતી કામમાં વપરાય છે. વઘઈમાં ઠેર-ઠેર ઈમારતી લાકડાંની દુકાનો જોવા મળી.

વઘઈથી સીધા જ સાપુતારા જવાને બદલે અમે વચ્ચે આહવા જોઈ લેવાનું નક્કી કર્યું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વઘઈથી બસમાં બેસી અમે આહવા તરફ જવા નીકળ્યા. હવે ડુંગરોવાળો પ્રદેશ શરૂ થયો. ઊગતા સૂરજનાં કિરણોથી ડુંગરો કેસરી રંગના દેખાતા હતા. કેસરી ડુંગરો અને લીલાં વૃક્ષો અમે જોતા હતા એટલામાં જ આહવા આવ્યું. આહવા ડાંગ જિલ્લાનું મુખ્ય મથક છે. અહીં અમને આશ્રમશાળા જોવાની મજા આવી.

આહવા જોઈ ફરી પાછા અમે બસમાં ગોઠવાયા. બસ સાપુતારાના રસ્તે ચાલવા લાગી. સાપુતારાની ઊંચાઈ લગભગ હજાર મીટરની છે. બસ ઊંચે ને ઊંચે ચઢતી જતી હતી. સાપુતારા એટલે 'સાપોનું રહેઠાણ'. સાપ તો જોવા મળે ત્યારે ખરા, પણ રસ્તો તો સાપ ચાલે એવો જ વાંકોચૂંકો હતો. બે ટેકરીઓ વચ્ચેનો હરિયાળો પ્રદેશ એટલે સાપુતારાનું ડુંગરી મથક. ગુજરાતનું હવા ખાવાનું આ એક સારું સ્થળ છે.

બસ સ્ટેન્ડ આવી ગયું. અમારો સામાન લઈ અમે પ્રવાસીઓને રહેવા માટેના બંગલામાં પહોંચ્યાં. ત્યાં જ ભોજન કર્યું અને થોડો આરામ કરી અમે ફરવા નીકળ્યાં. ઊગતા-આથમતા સૂરજને જોવાની અહીં મજા પડે છે. ઊંચા ડુંગરેથી નીચે ખીણમાં જોઈ શકાય એવી કેટલીક જગ્યાઓ અહીં બનાવવામાં આવી છે. અહીં બેસી બોલાયેલા શબ્દનો પડઘો સાંભળવાની તો ખૂબ ખૂબ મજા પડે છે.

એ પછી અમે બાગમાં ફર્યાં. મ્યુઝિયમ જોયું. મધમાખી-ઉછેર-કેન્દ્રમાંથી મધ લીધું. એક ટેકરી ઉપર ચઢીને આથમતા સૂરજની સુંદરતા જોઈ. અમને ખૂબ મજા આવી.

સૂતાં પહેલાં અમે નીચે ખીણ તરફ જોયું તો અમને નવાઈ લાગી. ડાંગીઓના છૂટાંછવાયાં મકાનોમાં દીવાનો રંગીન પ્રકાશ દેખાતો હતો, જાણે આકાશના તારા ખીણમાં ના આવી ગયા હોય!

સાપુતારાનો પ્રવાસ કરી મોડી રાત્રે અમે પાછાં સુરત પહોંચી ગયાં.

### વાતચીત :

(૧) સાપુતારા વિશેની કઈ વાત જાણીને તમને સૌથી વધુ મજા પડી?
(૨) તમે કોઈ દિવસ પ્રવાસમાં ગયાં છો? ક્યાં?
(૩) તમને મમ્મી-પપ્પા સાથે કઈ જગ્યાએ ફરવા જવું ગમે?
(૪) તમને શાળામાંથી કઈ જગ્યાએ ફરવા જવું ગમે?
(૫) બે-ત્રણ દિવસ ફરવા જવાનું હોય તો તમે કઈ-કઈ વસ્તુઓ સાથે લઈ જાઓ?
(૬) તમે ઊગતો કે આથમતો સૂરજ જોયો છે? એ જોઈને તમને કેવું લાગ્યું હતું?
(૭) તમે કોઈ દિવસ ડુંગર ઉપર ચઢ્યાં છો? ચઢ્યાં હો તો એ વિશે બધાંને કહો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## સાચો જવાબ શોધો અને લખો :

(૧) હવા ખાવાનું સ્થળ એટલે કેવું સ્થળ?

(અ) જ્યાં હવા ખાઈ શકાતી હોય તેવું સ્થળ.

(બ) જ્યાં હવા સારી અને ચોખ્ખી હોય તેવું સ્થળ.

(ક) જ્યાં ખાવા માટે માત્ર હવા જ મળતી હોય તેવું સ્થળ.

જવાબ :

(૨) ડાંગમાં રહેવાવાળા ડાંગી કહેવાય, જામનગરમાં રહેવાવાળા જામનગરી કહેવાય તો અમદાવાદમાં રહેવાવાળાને શું કહેવાતું હશે?

(અ) અમદાંગી

(બ) અમદાનગરી

(ક) અમદાવાદી

જવાબ :

(૩) ડુંગરો કેસરી રંગના કેમ દેખાતા હતા?

(અ) ડુંગરોનાં ઝાડ પર કેસરી રંગનાં ફૂલો ખીલ્યાં હતાં માટે.

(બ) વહેલી સવારનો કેસરી રંગનો તડકો ડુંગર ઉપર પડતો હતો માટે.

(ક) ડુંગરોની જમીન કેસરી રંગની હતી માટે.

જવાબ :

(૪) હરિયાળો પ્રદેશ એટલે શું?

(અ) લીલોતરીવાળી જગ્યા

(બ) બારે મહિના શિયાળો હોય તેવી જગ્યા

(ક) હરિની જગ્યા

જવાબ :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૫) આકાશના તારા ખીણમાં આવી ગયા હોય એવું કેમ લાગતું હતું?

(અ) ખીણમાં પાણી હતું અને તેમાં તારાઓનો પડછાયો પડતો હતો માટે.

(બ) ડાંગીઓનાં મકાનોમાં દીવાનો પ્રકાશ દેખાતો હતો. માટે.

(ક) ડાંગીઓનાં મકાનોમાં તારા રહેવા આવ્યા. ફાનસનાં અજવાળાં હતાં માટે.

**જવાબ :**

● **ચાલો, ગાઈએ ગીતડું :** રંગીલાં રંગીલાં...

## જુઓ અને લખો :

(૧)  ને  બહુ ભાવે છે.

**જવાબ :** વાંદરાને કેળાં બહુ ભાવે છે.

(૨) જંગલમાં ,  અને  જેવાં પશુ રહે છે.

**જવાબ :**

(૩) લોકો  બારશના દિવસે  ની પૂજા કરે છે.

**જવાબ :**

(૪) સાપુ  એટલે  નું 

**જવાબ :**

## એક શબ્દમાં ભૂલ છે. સુધારીને લખો :

(૧) અમે શાળામાંથી સાપુતારાનો પ્રવાસ ગોઠવીયો.

અમે શાળામાંથી સાપુતારાનો પ્રવાસ ગોઠવ્યો.

(૨) ગામમાં બધે પરવાસીઓની વસતી જોવા મળી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૩) વઘઈથી બસમાં બેસી અમે આહવા તરફ જવા નીકળયા.

(૪) ડાંગ જિલ્લલાનું મુખ્ય મથક આહવા છે.

(૫) સાપુતારા જવાનો રસતો સાપ ચાલે એવો જ વાંકોચૂંકો હતો.

(૬) બોલાયેલા શબદનો પડઘો સાંભળવાની ખૂબ મજા પડે છે.

## ગીત ગાઓ :

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.

ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠાં વેણ;
''મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ.

હાડચામડાં બહુ બહુ ચૂંથ્યાં, ચાખોજી મધ મીઠું;
નોતરું દેવા ખોળું તમને, આજે મુખડું દીઠું.''

રીંછ જાય છે આગળ, એના પગ ધબધબ,
સિંહ જાય છે પાછળ, એની જીભ લબલબ.

''ઘર આ મારું જમો સુખેથી, મધની લૂમેલૂમ.''
ખાવા જાતાં રાણાજીએ પાડી બૂમેબૂમ.

મધપૂડાનું વન હતું એ, નહીં માખોનો પાર;
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આંખે, મોઢે, જીભે, હોઠે ડંખ ઘણેરા લાગ્યા;
''ખાધો બાપ રે!'' કરતા ત્યાંથી વનરાજા તો ભાગ્યા.

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા'તા **આફત ટાળી મોટી.**

- રમણલાલ સોની

## વાતચીત :

(૧) રીંછે શું કર્યું ત્યારે તમને મજા આવી?

(૨) ગીતમાં શું થયું તે તમને ના ગમ્યું?

(૩) તમે મધપૂડો જોયો છે ? ક્યાં-ક્યાં જોયો છે?

(૪) મધમાખી તમને કરડવા આવે તો તમે શું કરો? તમે કેવી બૂમ પાડો?

(૫) તમારી જીભ લબલબ ક્યારે થાય છે?

## જવાબ આપો :

(૧) રીંછ ક્યાં ફરવા જતું હશે?

(૨) સિંહને જોઈને રીંછને આફત આવી પડી હોય એવું કેમ લાગ્યું?

(૩) જીભ લબલબ થવી એટલે શું?

(૪) સિંહની જીભ લબલબ કેમ થતી હશે?

(૫) આફત ટાળવા માટે રીંછે સિંહને સોટી કેમ નહીં મારી હોય?

(૬) રીંછને મધમાખીઓ કેમ નહીં કરડી હોય?

## સમાચાર વાંચો અને હસો :

### 'આપણું જંગલ' હેડલાઈન્સ

(૧) બીકણ સસલીને આવતી જોઈને જગ્ગુ સિંહ ઊભી પૂંછડીએ ભાગ્યો.

(૨) ઝાડ ઉપરથી કેળાની લૂમ પડવાથી ચિન્ટુ હાથીના પગે થયું ફ્રેક્ચર.

(૩) હડકાયું કૂતરું કરડવાથી પિન્ટુ મંકોડાએ લેવાં પડ્યાં ચૌદ ઈંજેક્શન.

(૪) પાણીથી ભરેલા ખાબોચિયામાં લપસ્યો ભૂરી ભેંસનો પગ, ખિસકોલીએ ભૂરી ભેંસનો કર્યો આબાદ બચાવ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૫) જંગલમાં યોજાયો રક્તદાન કેમ્પ, ચિંકી કીડીએ કર્યું સૌથી વધુ રક્તદાન.

(૬) ભારે વરસાદને કારણે ગટ્ટુ વાઘની બોડમાં ભરાયું પાણી, ચીકુ હરણે વાઘકુટુંબને આપ્યો આશરો.

(૭) ટેણી મધમાખીનું વધી ગયું વજન, ડૉક્ટર વાંદરાએ આપી રોજ એક ચમચી મધ ખાવાની સલાહ.

**તમને આમાંથી કયા બે સમાચાર વાંચવાની સૌથી વધુ મજા પડી ? જૂથમાં બેસી બે આવા બે રમૂજી સમાચાર બનાવી વર્ગમાં રજૂ કરો.**

**ઉખાણાંના જવાબ કોઠામાંથી શોધો. નંબર લખો અને તે શબ્દ પરથી વાક્ય બનાવો :**

| | | | | |
|---|---|---|---|---|
| ચ | સો | ય | ન | બી |
| લી | દો | ઘો | દી | કો |
| રીં | પો | મા | ઓ | ય |
| છ | જ | લે | બી | લ |
| પં | ખો | ખો | ડું | ગ |

(૧) પહાડમાંથી નીકળી હું તો
સાગરને મળવા જાઉં,
વચ્ચે આવે ગામ, ખેતર
લોકમાતા કહેવાઉં.

જવાબ : નદી

વાક્ય : નદીમાં ખૂબ પાણી છે.

(૨) ડગુમગુ ડગુમગુ ચાલે છે,
મોટા મોટા હોઠ છે,
તેને તો મધ ભાવે છે,
બોલો ભાઈ, કોણ છે ?

જવાબ : ____________

વાક્ય : ____________

____________

(૩) એક પગે લટકે,
વીજળી વિના અટકે,
ત્રણ હાથે ફરકે,
પવનને નીચે પટકે.

જવાબ : ____________

વાક્ય : ____________

____________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(૪) આગળ આગળ દોડી
જાણે સરકી હોડી,
દોરા વગર ડગલું ના માંડે
જુદાને દે છે જોડી.

જવાબ :

વાક્ય :

(૫) ગોળ ગોળ ચકરડી
તેમાં પાછો રસ,
નામ બતાવો એનું
તો પૈસા મળશે દસ.

જવાબ :

વાક્ય :

(૬) કાળી કાળી મંગુબાઈ,
આંબા ડાળે ડોલે;
ઉનાળામાં કેરી ખાતી,
મીઠા ટહુકા બોલે.

જવાબ :

વાક્ય :

- **ચાલો, ગાઈએ ગીતડું :** રંગીલાં રંગીલાં...

**'પતરંગો' વાર્તાના પાના નંબર ૪૬ ઉપર આપેલા ચિત્રના આધારે પાંચ વાક્યો લખો :**

(૧)

(૨)

(૩)

(૪)

(૫)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચારેય વિભાગમાંથી એક-એક શબ્દ લઈ વાક્યો બનાવો :

| વિભાગ-૧ | વિભાગ-૨ | વિભાગ-૩ | વિભાગ-૪ |
|---|---|---|---|
| ચાલ | મોટું | રૂપાળો | ગયા |
| એક | રંગે | નદીકિનારે | બોલાવું |
| પાંચ | બધાંને | જંગલ | હતો |
| પતરંગો | મિત્રો | જમવા | હતું |

**વાક્યો :**

(૧)

(૨)

(૩)

(૪)

## વાંચો :

આ વાક્યો મોટેથી વાંચો. ત્યારબાદ એક એક વાક્યનું સમૂહમાં ઝીલવાંચન કરાવો. લીટી દોરેલો શબ્દ આવે ત્યારે વિદ્યાર્થીઓ એક તાળી પાડશે. ત્યારબાદ વિદ્યાર્થીને વારાફરતી ઊભા થઈને મોટેથી શબ્દ વાંચવા કહો.

(૧) ફૂલસિંહનો ફટાકડો ફટ્ટાક દઈને ફૂટ્યો.

(૨) ભરતપુરનો ભવ્ય ભટ્ટ, લાડવા કરે સફાચટ્ટ.

(૩) જગ્ગુ જૂઠું બોલ્યો એટલે તન્નુએ તેની કિટ્ટા કરી.

(૪) આપણા રાજ્યનું નામ ગુજરાત છે.

(૫) મારા કાકા ધનસુખલાલ ગજ્જર ધનાઢ્ય માણસ છે. તેમની પાસે ખૂબ પૈસા છે. તેઓ હંમેશાં ઍરોપ્લેનમાં પ્રવાસ કરે છે.

(૬) હું શાળાએ જઈ શકું તેમ નથી. મેં શિક્ષકને રજાચિઠ્ઠી આપી છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## લીટી દોરેલા શબ્દો લખો :

## રમત રમો :

તમારી શાળાના એક કબાટમાં તમારે રમવા માટેનાં રમતગમતનાં સાધનો મૂકેલાં છે. દિવાળીનું વૅકેશન હોવાથી છેલ્લા કેટલાક દિવસોથી તે કબાટ ખોલવામાં આવ્યું નથી. આજે પંદરમો દિવસ છે. તો તે સાધનો કબાટમાં બેઠાં બેઠાં શું વાતો કરતાં હશે?

રમતગમતનાં સાધનોનાં નામ :

બૅટ, દડો, ફૂલ, રૅકેટ, કૅરમ, દોરડાં, બાસ્કેટબૉલ, ફૂટબૉલ, ટેનિસ-રૅકેટ.

અહીં તમારી શાળામાં હોય તે સાધનોનાં નામ પણ લખો :

જુદા-જુદા વિદ્યાર્થીઓને આમાંથી એક-એક સાધન બનવાનું કહો અને અંદરોઅંદર વાતો કરવાનું કહો. છેલ્લે તેમને કયા સાધન બનેલા વિદ્યાર્થીની વાત સૌથી વધુ ગમી તે નક્કી કરવા કહો. તે વિદ્યાર્થીઓ જે નિર્ણય સંભળાવે તે સાધનવાળી રમત વિદ્યાર્થીઓને રમાડો.

**દા.ત.**

મને તો આટલા બધા દિવસથી એકલા-એકલા જરાય ગમતું જ નથી.





મારે તો ખુલ્લી હવામાં જવું છે. હવે આ વેકેશન જલદી પૂરું થાય તો સારું. કોઈક આવીને આ કબાટ તો ખોલે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

(રડતાં રડતાં) અરે! મને તો લાગે છે કે મારી બધી હવા જ નીકળી ગઈ છે.





મને તો બહુ મજા પડી છે. વેકેશન સિવાયના દિવસોમાં તો હું આ બૅટને લીધે કોઈક વખત ઝાડી-ઝાંખરાંમાં જતો રહું છું, ત્યારે મને કેવું વાગતું હોય છે!

## વિચારો અને લખો :

(૧) તમારા પપ્પાનાં મમ્મીની દીકરી તમારે શું થાય? - ફોઈ

(૨) તમારાં મમ્મીના ભાઈનાં મમ્મી તમારાં શું થાય? - ______

(૩) તમારી બહેનના પપ્પાના નાનાભાઈ તમારા શું થાય? - ______

(૪) તમારાં માસીના દીકરાના પપ્પા તમારા શું થાય? - ______

(૫) તમારા પપ્પાના પપ્પાની પૌત્રી તમારી શું થાય? - ______

(૬) તમારા કાકાની બહેનના પપ્પા તમારે શું થાય? - ______

## મોટેથી વાંચો :

(૧) ડૉક્ટર : પાતળા થવાનો એક જ ઈલાજ છે. તારે રોજ ફક્ત બે જ રોટલી ખાવાની.

ચિન્ટુ : સાહેબ, એ બે રોટલી રોજ જમ્યા પહેલાં ખાવાની કે પછી?

(૨) સવાલ : ઉપલા દાંતે નીચલા દાંતને શું કહ્યું હશે?

જવાબ : જમતી વખતે મળજે.

(૩) પપ્પા : વૈજ્ઞાનિકોએ શોધ્યું છે કે માણસ વાંદરાનું સંતાન છે.

પિન્કી : શું હું પણ, પિતાજી?

(૪) જજ : તમે છત તોડીને ચોરી કેમ કરી?

ચોર : દરવાજે ચોકીદાર હતો.

(૫) જાગુ : કોઈને સસ્પેન્સમાં રાખવું હોય તો શું કરવાનું?

ભાગુ : એ હું તને કાલે કહીશ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in